જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦  ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૧૦/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-

### દોઢ વર્ષ અગાઉ વટવા વિસ્તારમાં એક આધેડ મહિલાની હત્યા કરી લુંટ કરવા અંગેના ગુનામાં સંડોવાયેલ બે ઇસમોને લુંટમાં મેળવેલ સોનાના દાગીનાઓ સાથે ઝડપી લઇ ચકચારી હત્યાના ગુનાનો ભેદ ઉકેલતી ક્રાઈમબ્રાન્ચ.

ગઇ તા.૨/૩/૨૦૧૫ ના રોજ વટવા વિસ્તારમાં આવેલ ધનલક્ષ્મી સોસાયટીના મકાન નં. ૧૪૪ માં રહેતા નિશાબેન મહેન્દ્રભાઈ રંગવાણી ઉ.વ. ૪૨ નાઓ પોતાના ઘરમાં એકલા હતાં ત્યારે આ કામના આરોપીઓ ઘરમાં ધુસી જઈ નિશાબેન ઉપર હુમલો કરી માથાના ભાગે ઈજાઓ કરી તેઓને ગળે ટુંપો દઈ મારી નાખી, નિશાબેને શરીરે પહેરેલ સોનાની ચેઈન તથા કાનની કડીઓ મળી કુલ્લે રૂ. ૨૫૦૦૦/-ના મુદ્દામાલની લુંટ કરી આરોપીઓ નાસી ગયેલ. જે બનાવ અન્વયે મરનાર નિશાબેનના પતિ મહેન્દ્રભાઈ ત્રિકમદાસ રંગવાણી નાઓએ વટવા પો.સ્ટે. ખાતે ફરીયાદ આપતાં ફ.ગુ.ર.નં. ૫૯/૨૦૧૫ ઈ.પી.કો.કલમ ૩૦૨,૩૯૭ મુજબનો ગુનો દાખલ થયેલ. જે બનાવમાં આરોપીઓના નામો જાણવા મળેલ નહી. આમ, આ ગુનાના આરોપીઓ બાબતે કોઇ ચોકકસ હકિકત બહાર આવેલ નહીં.જે ગુનાવાળી જગ્યાની જે તે સમયે ક્રાઈમબ્રાન્ચ દ્વારા વિઝીટ કરવામાં આવેલ.

છેલ્લા બેએક વર્ષ દરમ્યાનના આ પ્રકારના એકલ દોકલ મહિલાઓની હત્યા જેવા ગંભીર પ્રકારના અનડીટેકટ ગુનાઓના ભેદ શોધી કાઢવા સારૂ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ સુચન કરેલ હોય, જે અન્વયે શ્રી જે.કે.ભટ્ટ, સંયુકત પોલીસ કમિશ્નર ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચના આધારે શ્રી રાહુલ પટેલ મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઈમબ્રાન્ચ નાઓના માગદર્શન હેઠળ આવા પ્રકારના અનડીટેકટ હત્યાના ગુનાઓ શોધી કાઢવા સારુ ક્રાઈમબ્રાન્ચ તરફથી અલગ અલગ ટીમોની રચના કરવામાં આવેલી. જે અનુસંધાને પો.ઈન્સ.શ્રી આર.આર.સરવૈયા નાઓ તેઓની ટીમના પો.સ.ઈ. શ્રી જે.એન.ગોસ્વામી તથા પો.સ.ઈશ્રી સી.બી.ચૌધરી નાઓ સ્ટાફના માણસો આ આ પ્રકારના અનડીટેકટ હત્યાના ગુનાઓ બાબતે ખાનગી રાહે તપાસ કરી રહેલ હતાં. જે દરમ્યાન ઉપરોકત બનાવમાં સંડોવાયેલ આરોપીઓ બાબતે તેઓ તરફથી ઝીણામાં-ઝીણી માહિતી એકત્ર કરવામાં આવેલ. આ દરમ્યાન આ ગુનામાં સંડોવાયેલ બે આરોપીઓ ઉપરોકત ગુનામાં મરણ જનાર મહિલાના શરીર પરના લુંટી લીધેલ સોનાના દાગીના પોતાની પાસે રાખી આજરોજ આરોપીઓ ખમાસા પાસે આવેલ જલારામ મંદિર સામેથી પસાર થઈ માણેકચોક તરફ જનાર હોવાની હકીકત મળવા પામેલ. જે આધારે તપાસ કરતાં મળેલ વર્ણન આધારે (૧) રોહીત પ્રેમશંકર પટેલ ઉ.વ. ૨૫ રહે. ઘર નં. ૩૪૭૪ ઈન્દિરાનગર વિભાગ-૨ લાંભા અમદાવાદ શહેર. મુળ વતન ગામ નોનાપુર તા.થાના- ભોગની જી.કાનપુર ઉત્તરપ્રદેશ તથા (૨) પ્રકાશ માધવલાલ તિવારી ઉ.વ.૨૩ રહે. ઈન્દીરાનગર વિભાગ-૨ મ.નં. ૩૫૮૮ લાંભા જી.અમદાવાદ નાઓને તેઓના કબજાની સોનાની ચેઈન નંગ-૧ તથા કાનની કડી જોડી-૧ મળી કુલ્લે રૂ. ૨૫૦૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવતાં જેઓ બન્નેને આજરોજ તા. ૬/૧૦/૨૦૧૬ ના કલાક : ૧૨/૧૫ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)બી(એ) મુજબ અટક કરી વટવા પો.સ્ટે. તરફ મોકલી આપવા તજવીજ કરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

આ કામે પકડાયેલ બંન્ને આરોપીઓની પુછપરછ દરમ્યાન આરોપી રોહીત પ્રેમશંકર પટેલ કે જે  મરણ જનાર નિશાબેન ના ઘરની સામે રહેતી પ્રિયંકા નામની મહીલા સાથે ઓળખાણ ધરાવતો હોય, પોતે આ પ્રિયંકા ના ઘરે અવાર-નવાર જતો-આવતો  હતો અને દોઢેક વર્ષ પહેલા જ્યારે પોતે ધનલક્ષ્મી સોસાયટી વટવા ખાતે ગયેલ ત્યારે પ્રિયંકાએ પોતાને કહેલ કે, તેના ઘરની સામે એક બહેન જેઓ વ્યાજનો ધંધો કરે છે અને તેની પાસે ઘણા બધા પૈસા છે અને તે ઘરમાં એકલીજ રહે છે અને પોતાને અગાઉ તેની સાથે ઝગડો પણ થયેલ છે તેવી વાત કરતાં પોતે તેને લુંટવા માટે પ્લાન બનાવેલ. અને આ બાબતની વાત તેણે પોતાના મિત્ર પ્રકાશ માધવલાલ તિવારી ને કરેલી. અને સારી એવી રકમ મળશે તેવી વાત કરતાં તે આ કામ કરવા માટે તૈયાર થઈ ગયેલો. અને બન્ને જણા એક રીક્ષા લઈ એક બે વખત પ્રિયંકાના ઘરે જઈને બેસેલા. આ દરમ્યાન સામાવાળા મકાનમાં રહેતા નિશાબેન એકલા પડેલ ન હોય કામ થયેલ નહી. આ પછી હોળીના બે એક દિવસ પહેલા બન્ને જણા પ્રિયંકાના ઘરે જઈ બેસેલા. અને સાંજના સાડા છએક વાગે અંધારુ થતાં બન્ને જણા નિશાબેનના ઘરમાં ગયેલા. અને તેઓ સાથે વ્યાજથી પૈસા લેવા અંગેની વાતચીત કરેલ અને આ રીતે વાતોમાં રાખી નિશાબેનની નજર ચુકવી પોતે  તેણીનુ ગળુ પકડી દિવાલ સાથે અથડાવેલ અને પ્રકાશે તેનુ મોઢુ દબાવી રાખેલ અને થોડીવારમાં મરી જતાં નીચે પાડી દીધેલ. આ વખતે તેના ગળામાં પહેરેલ સોનાની ચેઈન તથા કાનની કડી બંન્ને એ કાઢી લીધેલ. આ પછી ઘરમાં બીજી જગ્યાએ ચેક કરતાં કઈ મળેલ નહી. જેથી તે પછી બન્ને જણા ત્યાથી રીક્ષા લઈ જતા રહેલા. અને આ બનાવ બન્યા બાદ બંન્ને એકદમ ગભરાઈ ગયેલ હોય, જેથી આ દાગીનાઓ પોતે કોઈને વેચેલ ન હતાં તેવી કબુલાત બંન્ને આરોપીઓ કરેલ છે. જે બંન્ને આરોપીઓની વધુ પુછપરછ પો.ઈન્સ. શ્રી આર.આર.સરવૈયા તથા તેઓની ટીમના પો.સ.ઈ.શ્રી જે.એન.ગોસ્વામી તથા પો.સ.ઈ.શ્રી સી.બી.ચૌધરી નાઓ કરી રહેલ છે.

આરોપી **પ્રકાશ માધવલાલ તિવારી** નાનો અગાઉ અસલાલી પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીના એક ગુનામાં પકડાઈચુકેલ છે. અને તે પીપળજ ખાતે ભાગ્યોદય ઈન્ડસ્ટ્રીઝમાં નોકરી કરે છે. જ્યારે આરોપી રોહીત પ્રેમશંકર પટેલ રીક્ષા ચલાવવાનુ કામ કરે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)